**અમરેલીના સાવરકુંડલા તાલુકાના હાડીડા ગામની કાળજું કંપાવનારી ઘટના**

# પુત્રીની હત્યા કરી હાર-ચૂંદડી પહેરાવી

**મહુવામાં** કરેલા કામના રૂ.૭.૨૫ લાખ ન મળતા આર્થિક સંકટમાં મુકાયેલા પિતાએ પુત્રી અનાથ નહીં થાય તેથી મારી નાંખી

અમદાવાદ: અમરેલીના સાવરકુંડલા તાલુકાના હાડીડા ગામમાં એક પિતાએ પોતાની પાંચ વર્ષની માસૂમ પુત્રીની હત્યા કરી મૃતદેહને ફ્રિજમાં છુપાવી દીધો અને ત્યારબાદ પોતે ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવી દીધું હોવાની હચમચાવી દેનારી ઘટના સામે આવી છે.

પુત્રીના મૃતદેહને જાણે અંતિમ વિધિ માટે બેસાડ્યો હોય તે રીતે શણગારવામાં આવ્યો હતો. તેના ગળામાં ગલગોટાના ફૂલનો હાર, માથે ચૂંદડી અને મોઢામાં તુલસી જેવું પાન મૂકવામાં આવ્યું હતું. ઘટનાસ્થળેથી પિતાએ લખેલી ત્રણ અલગ-અલગ ચિઠ્ઠીઓ મળી આવતાં પ્રાથમિક તપાસમાં હત્યા અને આત્મહત્યાની કડી બહાર આવી છે.

હાડીડા ગામમાં ભાડાના મકાનમાં રહેતા કિશોરભાઈ નાથાભાઈ ધાણક (પરાજીયા સોની) બાંધકામની સાઈટ પર સુપરવાઈઝર તરીકે કામ કરતા હતા.

૧૬ સપ્ટેમ્બરે તેઓ પૈસાની ઉઘરાણી માટે મહુવા જવાનું કહી ઘરેથી નીકળ્યા હતા. જોકે સાંજે તેમની પત્ની મંજુબેન તથા સગાં-સંબંધીઓ ઘરે પહોંચ્યા ત્યારે મકાન અંદરથી બંધ હતું. વારંવાર બોલાવવા છતાં અંદરથી કોઈ જવાબ ન મળતાં સરપંચ અને ગ્રામજનોની મદદથી દરવાજો ખોલવામાં આવ્યો હતો. અંદર જતાં કિશોરભાઈનો મૃતદેહ ગળાફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યો હતો.

### ફ્રીજ ખોલતાં માસૂમ પુત્રીનો મૃતદેહ મળ્યો



પિતાનો મૃતદેહ મળ્યા બાદ પરિવારજનો અને ગ્રામજનો દ્વારા પાંચ વર્ષની પુત્રી હિમાંશી ઉર્ફે દીકુની શોધખોળ શરૂ કરવામાં આવી હતી. આખરે ઘરના ફ્રિજમાંથી બાળકીનો મૃતદેહ મળી આવતાં ઘટનાએ ગંભીર વળાંક લીધો હતો. બાળકીનો મૃતદેહ ફ્રિજમાં બેસાડેલી અવસ્થામાં હતો. ઢળી ન જાય તે માટે આસપાસ ઓશિકાના ટેકા મૂકવામાં આવ્યા હતા. તેના બંને હાથ જોડેલી સ્થિતિમાં રાખવામાં આવ્યા હતા. ગળામાં ગલગોટાના ફૂલનો હાર અને માથે ચૂંદડી ઓઢાડવામાં આવી હતી, જ્યારે મોઢામાં તુલસી જેવું પાન મૂકવામાં આવ્યું હતું.

### ત્રણ ચિઠ્ઠીમાં લખ્યું: પૈસા ન મળ્યા, લોનનું ભારણ વધ્યું



પોલીસને ઘટનાસ્થળેથી કિશોરભાઈએ લખેલી ત્રણ અલગ-અલગ ચિઠ્ઠીઓ મળી આવી છે. તેમાં બાકી નાણાં ન મળવાના કારણે ઊભી થયેલી આર્થિક મુશ્કેલી અને પર્સનલ લોનના વધતા ભારણનો ઉલ્લેખ હોવાનું સામે આવ્યું છે. મહુવા ખાતે કરેલા કામના બાકી નાણાં તથા અન્ય ખર્ચ મળીને આશરે રૂ.૭.૨૫ લાખ લેવાના હોવાનું અને લાંબા સમયથી આ રકમ ન મળતા પરિવાર આર્થિક સંકટમાં મુકાયો હોવાનું ચિઠ્ઠીમાં લખ્યું હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. ચિઠ્ઠીમાં કિશોરભાઈએ પોતાના મૃત્યુ બાદ પુત્રી અનાથ અને દુઃખી ન થાય તે વિચારથી તેને પણ મારી નાંખી હોવાનું લખ્યું હોવાનું જાણવા મળ્યું છે. પ્રાથમિક તપાસ મુજબ તેમણે પુત્રીના મોઢાં પર હાથ દઈ શ્વાસ રૂંધાવી તેની હત્યા કરી હતી અને મૃતદેહ ફ્રિજમાં મૂકી દીધો હતો. ત્યારબાદ તેમણે પોતે ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી.

# લાંચમાં પકડાયેલા ગાંધીનગરના ઇનચાર્જ ચીફ ફાયર ઓફિસરના 4 દિ'નાં રિમાન્ડ



**ફાયર** એનઓસી રિન્યુઅલના બદલામાં 20 હજારની લાંચમાં એસીબીએ પકડ્યા બાદ કોર્ટમાં રજૂ કર્યા હતા

**સરગાસણ** નજીકના કરોડોના બંગલાની પણ તપાસ; મિલકતની માલિકી અને નાણાંના સ્ત્રોત અંગે તપાસ થશે

ગાંધીનગર: ગાંધીનગર મનપાના ફાયર સેફ્ટી એનઓસીના રિન્યૂઅલના બદલામાં રૂ.૨૦ હજારની લાંચ સ્વીકારતા ભરૂચ એસીબીની ટ્રેપમાં રંગેહાથ ઝડપાયેલા ગાંધીનગર ફાયર બ્રિગેડ વિભાગના ઇન્ચાર્જ ચીફ ફાયર ઓફિસર રાજેશકુમાર બાબુલાલ પટેલને ગુરુવારે ગાંધીનગર કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. સરકારી પક્ષની દલીલો બાદ કોર્ટે આરોપીના શનિવારે સવારે ૧૧ વાગ્યા સુધીના બે દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે.

### કવરમાં આપેલા ૨૦ હજાર ખિસ્સામાં મૂકતાં જ એસીબી ત્રાટકી

લાંચ આપવા ઇચ્છુક ન હોય તેવા ફરિયાદીએ ભરૂચ એસીબીનો સંપર્ક કરી લેખિત ફરિયાદ કરી હતી. ફરિયાદના આધારે ૧૬ સપ્ટેમ્બરે ગાંધીનગર ફાયર બ્રિગેડની મુખ્ય કચેરી ખાતે ટ્રેપ ગોઠવવામાં આવી હતી. ફરિયાદીએ રૂ.૨૦ હજારની લાંચ કવરમાં મૂકીને આપી હતી. રાજેશ પટેલે કવર ટેબલ પરથી ઉઠાવી પોતાના ખિસ્સામાં મૂકતાં જ એસીબીની ટીમે કાર્યવાહી કરી તેમને ઝડપી લીધા હતા. ભરૂચ ACBના PI એમ.જે. શિંદે અને તેમની ટીમે આ કાર્યવાહી હાથ ધરી હતી.

### રિમાન્ડ દરમિયાન અન્ય એનઓસીની પણ તપાસ કરાશે

ટ્રેપ બાદ એસીબી દ્વારા રાજેશ પટેલના રહેણાક સ્થળે પણ તપાસ હાથ ધરવામાં આવી હતી. સરગાસણ નજીક હડમતીયા વિસ્તારમાં આવેલા તેમના કરોડો રૂપિયાના બંગલા અંગે પણ તપાસ ચાલી રહી હોવાનું જાણવા મળ્યું છે. મિલકત કોના નામે છે, તેની ખરીદી માટે નાણાંનો સ્ત્રોત શું હતો અને આવકના પ્રમાણમાં મિલકત અંગે કોઇ વિસંગતતા છે કે કેમ તે સહિતના મુદ્દાઓ તપાસના ભાગરૂપે ચકાસવામાં આવશે. હવે બે દિવસના રિમાન્ડ દરમિયાન એસીબી દ્વારા રાજેશ પટેલે અગાઉ અન્ય બિલ્ડિંગ સાઇટોની ફાયર NOC, રિન્યુઅલ અથવા મંજૂરી માટે પણ કોઇ ગેરકાયદેસર રકમ માગી કે સ્વીકારી હતી કે કેમ તે દિશામાં પૂછપરછ કરશે.

**વિશ્વ બાંબુ દિવસ: દક્ષિણ ગુજરાતના આદિવાસી કારીગરોની બદલાતી આર્થિક તસવીર**

# જંગલોના આદિવાસી કારીગરો ‘ગ્રાસરૂટ એન્જિનિયર’ બન્યા



**2019 માં** રૂ.2.5 લાખની લોનથી વિસડાલિયા ક્લસ્ટરની સફર શરૂ થયેલી

**350થી** વધુ કારીગરો અને 135થી વધુ ઉત્પાદનો સાથે દેશ-વિદેશમાં બજાર



સુરત: દક્ષિણ ગુજરાતના જંગલ વિસ્તારોમાં વાંસ કોટવાળિયા આદિવાસી સમુદાયના જીવન, સંસ્કૃતિ અને રોજગાર સાથે પેઢીઓથી જોડાયેલો છે. જંગલને પોતાની પ્રથમ પાઠશાળા બનાવી કારીગરોએ વાંસ પસંદ કરવાથી લઈને તેને કાપવા, ચીરવા, વાળવા, જોડવા અને વિવિધ વસ્તુઓ બનાવવાનું પરંપરાગત જ્ઞાન વિકસાવ્યું છે.

સુરત વન વિભાગના માર્ગદર્શન હેઠળ ચાલતી વિસડાલિયા ક્લસ્ટર ગ્રામ વિકાસ સમિતિએ આ કૌશલ્યને તાલીમ, આધુનિક ડિઝાઇન, વ્યવસાય અને બજાર સાથે જોડીને નવી દિશા આપી છે. વિસડાલિયા ક્લસ્ટરની આધુનિક સફર 2019માં 32 સંયુક્ત વન વ્યવસ્થાપન સમિતિઓને જોડીને શરૂ થઈ હતી. શરૂઆતમાં માત્ર રૂ.2.5 લાખની લોનથી વાંસ આધારિત વ્યવસાયને વેગ મળ્યો. ટોપલા અને રોજિંદી ઉપયોગની વસ્તુઓથી શરૂ થયેલી સફર હવે બાંબુ ક્રાફ્ટ, બાંબુ ફર્નિચર અને બાંબુ હાઉસિંગ સુધી પહોંચી છે.

ખુરશી, ટેબલ, પલંગ અને ફર્નિચર સેટ ઉપરાંત બાંબુ હટ, ગેઝિબો, ઇન્ટિરિયર તથા વિવિધ સ્ટ્રક્ચરલ એપ્લિકેશનમાં પણ કારીગરોએ કુશળતા મેળવી છે. માપ, પ્રમાણ, ફિનિશિંગ, જોડાણો અને સ્ટ્રક્ચરની ભાર સહન કરવાની ક્ષમતા જેવા પાસાંનું જ્ઞાન અનુભવ સાથે વિકસ્યું છે.

2026 સુધીમાં ક્લસ્ટર સાથે 350થી વધુ કોટવાળિયા કારીગરો, જેમાં 50થી વધુ સીધા ઉદ્યોગસાહસિકોનો સમાવેશ થાય છે, જોડાયેલા છે. કેટલોગમાં 135થી વધુ ઉત્પાદનો છે. ઉત્પાદનો ગુજરાત ઉપરાંત દેશના વિવિધ રાજ્યોમાં પહોંચ્યા છે અને જર્મની, અમેરિકા તથા કેનેડા સુધી પણ બજાર મળ્યું છે.

વિસડાલિયાની સૌથી મોટી સિદ્ધિ એ છે કે જે કારીગરો એક સમયે તાલીમ લેતા હતા, તે હવે અન્ય વિસ્તારોના લોકોને તાલીમ આપી રહ્યા છે.

### સુરત વન વિભાગના સહયોગથી કૌશલ્ય બજાર સાથે જોડવાની તક મળી

સુરત જિલ્લા નાયબ વન સંરક્ષક અધિકારી ધિરજકુમારના જણાવ્યા મુજબ જંગલે તેમને વાંસ આપ્યો, પેઢીઓએ તેમને કૌશલ્ય આપ્યું અને સુરત વન વિભાગના સહયોગે આ કૌશલ્યને ડિઝાઇન, વ્યવસાય અને બજાર સાથે જોડવાની તક ઊભી કરી. પરિણામે વાંસ માત્ર રોજગારનું સાધન ન રહ્યો, પરંતુ કૌશલ્ય, સ્વાવલંબન, આત્મસન્માન અને આદિવાસી જ્ઞાનની નવી ઓળખનું માધ્યમ બન્યો છે. વાંસની પસંદગી, તેની લવચીકતા, જોડાણ, માપ અને સ્ટ્રક્ચરનો ઉપયોગ જેવા જ્ઞાનને કારણે આ કારીગરોને ‘ગ્રાસરૂટ એન્જિનિયર’તરીકે ઓળખ મળી રહી છે.

### સ્ટેચ્યુ ઓફ યુનિટી સુધી પણ પહોંચી કારીગરોની કારીગરી

વિસડાલિયા ક્લસ્ટરના કારીગરોની કારીગરી સુરત અને આસપાસના બજાર સુધી મર્યાદિત રહી નથી. સ્ટેચ્યુ ઓફ યુનિટી નજીક એકતા નર્સરીના બાંબુ આઉટલેટ્સ અને કેફેટેરિયા માટે પણ વિસડાલિયાના કારીગરોએ બાંબુનું કામ કર્યું હોવાનું નોંધાયું છે. આ પ્રકારના મોટા પ્રોજેક્ટ સાથે જોડાણથી પરંપરાગત કારીગરોને મોટા પાયે કામ કરવાની તક અને તેમની કારીગરીને નવી ઓળખ મળી છે.

# દિવાળી-છઠ પર વતન જવું મુશ્કેલ ૧૮થી વધુ ટ્રેનમાં એડ્વાન્સ બુકિંગ ફુલ

**‘રિગ્રેટ’** સ્ટેટસથી મુસાફરો ચિંતિત, તાપ્તી ગંગા, દાનાપુર અને વારાણસી સહિતની મુખ્ય ટ્રેનોમાં વેઈટિંગ પણ મળતું નથી

સુરત: દિવાળી અને છઠ પૂજાના તહેવારમાં પોતાના વતન ઉત્તર પ્રદેશ અને બિહાર જવા માટે સુરતના ઉત્તર ભારતીય મુસાફરોની મુશ્કેલીઓ વધી ગઈ છે. ટ્રેનોમાં એડવાન્સ બુકિંગનો સિલસિલો પૂરો થઈ ગયો છે અને હવે જનરલ કોટામાં કન્ફર્મ તો શું, વેઈટિંગ ટિકિટ મળવાની પણ કોઈ શક્યતા નથી રહી. આગામી ૮ નવેમ્બરે દિવાળી અને ૧૫ નવેમ્બરે છઠ પૂજા હોવાથી તે સમયગાળા દરમિયાન ઉત્તર પ્રદેશ-બિહાર જતી મુખ્ય ટ્રેનોમાં બુકિંગ ખુલતાની સાથે જ બે-ત્રણ દિવસમાં જ સીટ ફુલ થઈ ગઈ હતી. હાલ સુરત, ઉધના અને અમદાવાદથી વાયા સુરત જતી આશરે ૧૪ થી વધુ પ્રમુખ ટ્રેનોમાં સ્લીપરથી લઈને થર્ડ, સેકન્ડ અને ફર્સ્ટ એસી સુધીની તમામ શ્રેણીઓમાં ‘રિગ્રેટ’ બતાવી રહ્યું છે.

### હવે માત્ર સ્પેશિયલ ટ્રેનોની જાહેરાત પર મીટ

નિયમિત ટ્રેનોમાં બુકિંગ પૂરું થઈ ગયા બાદ હવે મુસાફરોની છેલ્લી આશા પશ્ચિમ રેલવે દ્વારા આગામી સમયમાં જાહેર થનારી દિવાળી-છઠ સ્પેશિયલ ટ્રેનો પર ટકેલી છે. દિવાળી પહેલાં સુરત અને ઉધના રેલવે સ્ટેશનો પર ઊભી થનારી સંભવિત ભીડને કાબૂમાં લેવા રેલવે દ્વારા કેટલી વધારાની ટ્રેનો દોડાવવામાં આવે છે તે જોવું રહ્યું. જો સ્પેશિયલ ટ્રેનોની જાહેરાતમાં મોડું થશે, તો મુસાફરો પાસે મોંઘી બસ કે વિમાન જેવા સીમિત વિકલ્પો જ બાકી રહેશે.

### આ મુખ્ય ટ્રેનોમાં ૧૬ નવેમ્બર સુધી તમામ કેટેગરીમાં ‘રિગ્રેટ’

» ૨૦૯૨૯ ઉધના-બનારસ » ૧૯૪૮૩ અમદાવાદ-સહરસા » ૧૯૦૪૫ તાપ્તી ગંગા સુપરફાસ્ટ » ૦૯૦૩૩ ઉધના-માલદા ટાઉન » ૨૨૯૬૭ અમદાવાદ-પ્રયાગરાજ » ૧૯૪૩૫ અમદાવાદ-આસનસોલ » ૨૦૯૩૩ ઉધના-દાનાપુર » ૨૨૯૪૭ સુરત-ભાગલપુર » ૨૦૯૦૩ વડોદરા મહામના » ૨૦૪૩૮ ઉધના-પ્રયાગરાજ અમૃત ભારત » ૨૦૯૬૧ ઉધના-વારાણસી » ૧૯૦૩૮ અવધ એક્સપ્રેસ » ૨૨૯૧૩ બાન્દ્રા-સહરસા હમસફર » ૨૨૯૭૧ બાન્દ્રા-પટના સુપરફાસ્ટ એક્સપ્રેસ

# GSTમાં મલ્ટી-યર નોટિસને ગેરકાયદે જાહેર કરવામાં આવી

**મુંબઈ** હાઈકોર્ટે ગણેશ વાલ્મિક બાવને કેસમાં કોર્ટે કલમ 74 હેઠળની બોગસ બિલિંગ મામલાની નોટિસ રદ કરી

**સુપ્રીમ** કોર્ટના માથુર પોલિમર્સ કેસની અસર નહીં હોવાનું સ્પષ્ટ કર્યું

સુરત: GST કાયદા હેઠળ ખોટા / બોગસ બિલિંગના આક્ષેપમાં કલમ 74 હેઠળ આપવામાં આવતી મલ્ટી-યર નોટિસો સામે કરદાતાઓ માટે રાહતરૂપ ચુકાદો બોમ્બે હાઈકોર્ટ દ્વારા આપવામાં આવ્યો છે. હાઈકોર્ટે ગલેશ વાલ્મિક બાવને વર્સીસ જોઈન્ટ ડિરેક્ટર, ડિરેક્ટોરેટ જનરલ ઓફ જીએસટી ઈન્ટેલિજન્સના કેસમાં સ્પષ્ટપણે ઠરાવ્યું છે કે મલ્ટી યર નોટિસ કાયદાની દૃષ્ટિએ અમાન્ય છે અને તેને રદબાતલ કરવામાં આવે છે.

આ ચુકાદો ખાસ કરીને એટલા માટે મહત્વનો છે કે કોર્ટે આ કેસમાં સુપ્રીમ કોર્ટ દ્વારા માથુર પોલિમર્સ કેસમાં અપાયેલા ડિસમિસલને પણ ધ્યાનમાં લીધો છે. કોર્ટે કહ્યું છે કે સુપ્રીમ કોર્ટે પ્રાથમિક તબક્કે કરેલું ડિસમિસલ એટલે મર્જર થયું નથી અને તેનાથી બોમ્બે હાઈકોર્ટના અનુગામી નિર્ણયો બદલાઈ જતા નથી. એટલે કે માથુર પોલિમર્સના આધારે મલ્ટી-યર નોટિસને માન્ય ઠેરવી શકાય નહીં. તાજેતરમાં GST વિભાગ દ્વારા ફેક / બોગસ બિલિંગના આરોપસર કલમ 74 હેઠળ મોટા પ્રમાણમાં મલ્ટી-યર નોટિસો ઈસ્યુ કરવામાં આવી રહી છે ત્યારે આ જજમેન્ટ કરદાતાઓ માટે એક મજબૂત કાઉન્ટર પોઈન્ટ બની રહેશે. આ અંગે સીએ અતિત શાહે જણાવ્યું હતું કે, બોમ્બે હાઈકોર્ટનો આ ચુકાદો ખૂબ જ મહત્વનો છે. આ ચુકાદાને આધારે કરદાતાઓ પોતાના જવાબમાં આ મુદ્દો ચોક્કસપણે લઈ શકે છે.

# આરોપીઓને મારવાના કેસમાં SOGના નકુમને શો-કોઝ નોટિસ

**ગૃહ** વિભાગે 14 સપ્ટેમ્બરે નોટિસ ફટકારી છે

અમદાવાદ: સુરતમાં હાથકડી પહેરાવેલા આરોપીઓનું જાહેરમાં સરઘસ કાઢી લાકડીઓથી માર મારવાના આક્ષેપોને પગલે સુરત એસઓજીના ડીસીપી રાજદીપસિંહ નકુમ સામે આખરે વિભાગીય કાર્યવાહીનો માર્ગ ખુલ્યો છે. સરકારે ગુરુવારે ગુજરાત હાઈકોર્ટ સમક્ષ ખુલાસો કર્યો કે ગૃહ વિભાગે નકુમને 14 સપ્ટેમ્બર, 2026ના રોજ કારણદર્શક નોટિસ પાઠવી છે. નકુમનું કૃત્ય પ્રથમદર્શી રીતે All India Services (Conduct) Rules, 1968ના Rule 3(b)(1) અને Rule 3(2) હેઠળ આવતું હોવાનું માની ગૃહ વિભાગે તેમની પાસેથી 15 દિવસમાં ખુલાસો માંગ્યો છે. મુખ્ય ન્યાયમૂર્તિ સુનિતા અગરવાલ અને ન્યાયમૂર્તિ ડી.એન. રેની ડિવિઝન બેન્ચ સમક્ષ સુનાવણી દરમિયાન સરકારી વકીલ જી.એચ. વિર્કે દલીલ કરી હતી કે સુરત શહેરના એડિશનલ પોલીસ કમિશનર (ક્રાઈમ) દ્વારા કરવામાં આવેલી પ્રાથમિક તપાસના તારણો સાથે રાજ્યના પોલીસ વડાએ સંમતિ દર્શાવી છે. તપાસ અહેવાલ અગાઉ હાઈકોર્ટ સમક્ષ સીલબંધ કવરમાં રજૂ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ અહેવાલ ગૃહ વિભાગ સમક્ષ મૂકવામાં આવ્યો હતો.

### હવે શિસ્તભંગ કાર્યવાહીની પ્રગતિ કોર્ટ સમક્ષ રજૂ કરવી પડશે

ગુરુવારની સુનાવણીમાં હાઇકોર્ટે રાજ્ય સરકારને નકુમ સામે શરૂ કરવામાં આવેલી શિસ્તભંગ કાર્યવાહીની પ્રગતિ અદાલતના રેકોર્ડ પર મૂકવા નિર્દેશ કર્યો છે. હવે આ કેસની વધુ સુનાવણી 19 ઓક્ટોબર, 2026ના રોજ રાખવામાં આવી છે. એટલે આગામી સુનાવણીમાં નકુમને પાઠવાયેલી કારણદર્શક નોટિસ બાદની કાર્યવાહી અંગે રાજ્યએ કોર્ટને પ્રગતિ અહેવાલ આપવાનો

# લાંબા સમય બાદ આખરે ગુજરાત ટેક્સટાઈલ પોલિસી-2024નું પોર્ટલ ખૂલ્યું

**સુરતના** નોન-પોલ્યુટિંગ ટેક્સટાઇલ એકમોને પણ લાભનો માર્ગ મોકળો

**SMC** હદમાં નવી મશીનરી સ્થાપનારાં એકમોને કેપિટલ સબસિડી અને HT/LT વીજ સબસિડી મળશે

સુરત: લાંબા સમયથી રાહ જોવાઈ રહેલા ગુજરાત ટેક્સટાઈલ પોલિસી-2024ના પોર્ટલનો આખરે પ્રારંભ થતાં સુરતના ટેક્સટાઈલ ઉદ્યોગકારો માટે નવી તકો ઊભી થઈ છે. હવે ઉદ્યોગકારો પોલિસી હેઠળ રજિસ્ટ્રેશન કરાવી એલિજિબલ રિપોર્ટ, મશીનરી, શેડ, બેંકિંગ લોન સહિતની જરૂરી વિગતો પોર્ટલ પર અપલોડ કરી શકશે. ખાસ કરીને સુરત મહાનગરપાલિકાની હદમાં આવેલાં નોન-પોલ્યુટિંગ ટેક્સટાઈલ મેન્યુફેક્ચરિંગ એકમોને પણ પોલિસીનો લાભ મળવાનો માર્ગ હવે ખૂલ્યો છે. વિવિંગ, ગારમેન્ટ, એપેરલ અને મેડઅપ્સ, સ્ટીચિંગ, એમ્બ્રોઈડરી તથા અન્ય વેલ્યુએડેડ ટેક્સટાઈલ પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલાં પાત્ર એકમોને કેપિટલ તથા વીજ સબસિડીનો લાભ મળી શકશે.

પોલિસી મુજબ ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ (GPCB)ની પ્રવર્તમાન વ્હાઈટ કેટેગરી, ગ્રીન કેટેગરી અથવા સમકક્ષ વર્ગીકરણ હેઠળ આવતી નોન-પોલ્યુટિંગ ટેક્સટાઈલ પ્રવૃત્તિઓ અને મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારની હદમાં સ્થાપિત પાત્ર એકમોને પણ સહાયપાત્ર ગણવામાં આવ્યા છે. પોર્ટલ શરૂ કરવા માટે ફોગવા અને ચેમ્બરના પ્રમુખ અશોક જીરાવાળાએ મુખ્યમંત્રી તથા નાયબ મુખ્યમંત્રી સમક્ષ રજૂઆત કરી હતી. ઉદ્યોગકારોના જણાવ્યા મુજબ SMC હદમાં હાલ જગ્યા ધરાવતાં એકમો હવે નવી મશીનરી સાથે વિસ્તરણ કરી શકશે. સચિન ઈન્ડ. સોસા.ના પ્રમુખ મયૂર ગોળવાલાએ જણાવ્યું હતું કે, 1 સપ્ટેમ્બર-2024 પછી SMC લિમિટમાં નવી ટેક્સટાઈલ મશીનરી ઈન્સ્ટોલ કરનારને સુધારિત ટેક્સટાઈલ પોલિસીનો લાભ મળશે. આ નિર્ણયથી એરજેટ અને રેપિયર જેવી હાઈસ્પીડ આધુનિક મશીનરીમાં રોકાણ વધે અને એક્સપોર્ટલાયક ફેબ્રિકનું ઉત્પાદન વધે તેવી ઉદ્યોગકારોની અપેક્ષા છે.

પાંડેસરા વિવર્સ સોસાયટીના પ્રમુખ અને ચેમ્બરના માજી પ્રમુખ આશિષ ગુજરાતીએ જણાવ્યું હતું કે, વોટર જેટ લૂમ્સ અને ડાઈંગ હાઉસ સિવાય વિવિંગ, એમ્બ્રોઈડરી, ગારમેન્ટ, સ્ટીચિંગ તથા વોર્પ નિટિંગ ઉદ્યોગને લાભ મળશે. નવી મશીનરી માટે કેપિટલ સબસિડી તેમજ નવા HT/LT વીજ જોડાણ ધરાવતાં એકમોને યુનિટ દીઠ અનુક્રમે રૂ.3 અને રૂ.2ની વીજ સબસિડી મળવાની જોગવાઈ છે.

## અનુસંધાન ... પાના છેલ્લાનું

### મોટા ગણેશમંડપો...

બાંયધરી પત્રક લેવા દોડધામ શરૂ થતાં આયોજકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. 500 મીટરથી મોટા અને 9 મીટરથી ઊંચા ગણેશ પંડાલો માટે ફરજિયાત બાંયધરીનો નિયમ હોવા છતાં અત્યાર સુધી એક પણ મોટા આયોજકે બાંયધરી પત્રક પર સહી કરી નથી. રાજકોટ TRP કાંડ, સુરત તક્ષશિલા કાંડ, વડોદરા હરણી કાંડ અને મોરબી ઝુલતા બ્રિજ દુર્ઘટના બાદ રાજ્યમાં ફાયર સેફ્ટીના નિયમો કડક બનાવાયા છે. સુરતમાં છેલ્લા ચાર દિવસથી ગણેશોત્સવનો માહોલ જામ્યો છે અને વિશાળ, થીમ આધારિત પંડાલોમાં મોડી રાત સુધી ભક્તોની ભીડ ઉમટી રહી છે. શહેરમાં બે ડઝનથી વધુ પંડાલો 500 મીટરથી મોટા હોવાથી ફાયર વિભાગે હવે બાંયધરી માટે દોડધામ શરૂ કરી છે. બીજી તરફ ભક્તોની ભારે અવરજવર વચ્ચે કાર્યવાહી કરવામાં ફાયર વિભાગ પણ અવઢવમાં હોવાનું ચર્ચાઈ રહ્યું છે.ગણેશોત્સવ પૂર્વે આયોજકો સાથે બેઠક કરી નિયમોની જાણકારી અને જરૂરી સુધારા કરાવવાને બદલે ઉત્સવ શરૂ થયા બાદ બાંયધરીની કવાયત શરૂ થતાં ફાયર વિભાગની કામગીરી સામે પણ સવાલો ઉઠી રહ્યા છે.

### પ્રતિબંધિત 18...

દરવાજા વિસ્તારમાં કરવામાં આવી હતી, જેનાથી વન્યજીવોની તસ્કરી કરતા તત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

વાઈલ્ડલાઈફ ક્રાઈમ કંટ્રોલ બ્યુરો (WCCB)ને ખાનગી રાહે બાતમી મળી હતી કે, સુરત એન્ટરપ્રાઈઝ, પુતળી રોડ, નવસારી બજાર, ઉધના દરવાજા ખાતે સ્ટાર કાચબા ગેરકાયદે રીતે કબજામાં રાખી તેનો વેપાર કરવામાં આવી રહ્યો છે. બાતમીના આધારે વન વિભાગના સ્ટાફ તથા WCCBના સ્વયંસેવક દ્વારા દુકાન ખાતે પહોંચી છટકું ગોઠવવામાં આવ્યું હતું. વન વિભાગના સ્ટાફ દ્વારા સ્ટાર ટર્ટલની માંગણી કરવામાં આવતા દુકાનદાર દિનેશ કનકાભાઈ ઠાકોરે શેખ મોહમદ અઝહરને ફોન કર્યો હતો. ફોન પર અઝહરને તેના રહેણાંક મકાનમાંથી સ્ટાર ટર્ટલ લઈ આવવા જણાવવામાં આવ્યું હતું. ત્યારબાદ અઝહર પોતાના રહેણાંક મકાન, છોટી મસ્જિદની ગલી, કાજીનું મેદાન, ગોપીપુરા, સુરત ખાતેથી 18 સ્ટાર ટર્ટલ લઈને સુરત એન્ટરપ્રાઈઝ ખાતે પહોંચ્યો હતો. બપોરે આશરે 2:32 વાગ્યે 18 સ્ટાર ટર્ટલ વેચાણ માટે દુકાન પર લાવવામાં આવ્યા હતા. આ દરમિયાન વન વિભાગની ટીમે કાર્યવાહી કરી દુકાનદાર દિનેશ કનકાભાઈ ઠાકોર અને શેખ મોહમદ અઝહરને રંગેહાથ ઝડપી પાડ્યા હતા. ડુમસ રેન્જના આરએફઓ પૃથ્વીરાજસિંહ વાઘેલા દ્વારા જિલ્લા વન સંરક્ષક અધિકારી ધીરજકુમારના માર્ગદર્શનમાં સંપૂર્ણ ઓપરેશન કર્યું હતું.

### પકડાયેલાને ડુમસ રેન્જ કચેરી ખાતે લાવીને વધુ તપાસ શરૂ કરાઈ

કાર્યવાહી દરમિયાન વન વિભાગે 18 સ્ટાર કાચબા તેમજ બે મોબાઈલ ફોન કબજે લીધા હતા. તમામને ડુમસ રેન્જ કચેરી ખાતે લાવી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. કાચબાઓને ગેરકાયદે રીતે કબજામાં રાખવા અને વેચાણ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોવાની વિગતોના આધારે વન વિભાગે કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. વન વિભાગના જણાવ્યા મુજબ સ્ટાર ટર્ટલનો સમાવેશ વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ, 1972ની અનુસૂચિ-1માં થાય છે. તેથી તેના ગેરકાયદે કબજા, ખરીદ-વેચાણ અને વેપાર સામે કડક કાયદાકીય જોગવાઈઓ લાગુ પડે છે. આ ગુનામાં 7 વર્ષ સુધીની સજા થઈ શકે છે.

### સ્ટાર કાચબાની...

કરવામાં આવ્યો હતો કે કેમ તથા આ સમગ્ર ગેરકાયદે વેપારમાં અન્ય કોઈ વ્યક્તિ સંડોવાયેલી છે કે કેમ તે દિશામાં પણ તપાસ હાથ ધરવામાં આવી રહી છે. સ્ટાર કાચબાની બજાર કિમત 15 થી 20 લાખ હોવાનું અનુમાન છે.

### સુરતમાં બનતા...

ફેઝ-1નું 51 ટકા કામ થઈ ચૂક્યું છે. આશરે 2.5 લાખ ચોરસ મીટરમાં ફેલાયેલા આ મલ્ટિમોડલ ટ્રાન્સપોર્ટ હબમાં ફેઝ-1 માટે 877.78 કરોડ અને ફેઝ-2 માટે 372.91 કરોડનો ખર્ચ કરવામાં આવશે. બંને ફેઝ ડિસેમ્બર 2027 સુધીમાં પૂર્ણ કરવાનો લક્ષ્યાંક છે. આ હબમાં સુરત રેલવે સ્ટેશન, GSRTCનું ઈન્ટરસ્ટેટ બસ ટર્મિનલ (ISBT), SMCની સિટી બસ, BRTS અને ભવિષ્યની મેટ્રો ટ્રેન 6 એન્ટ્રી/એક્ઝિટ ગેટથી જોડાશે. 5 કિમી લાંબો એલિવેટેડ રોડ કોરિડોર શહેરના ટ્રાફિકને હળવો કરશે.

### ખુશ થવા...

પ્રક્રિયા ભારે જટિલ હોવાથી તેમાં સતત વિલંબ થઈ રહ્યો છે. ટ્રાફિકની સમસ્યા હળવી કરવા માટે અત્યંત મહત્વપૂર્ણ ગણાતા ફેઝ-2 ના એલિવેટેડ રોડ કોરિડોર પર પણ હજુ ઘણું કામ બાકી છે; જેમાં કુલ 795 પાઈલમાંથી લગભગ 190 પાઈલ, 174 પિયરમાંથી 84 પિયર અને 364 ગર્ડર પૈકી અડધાથી વધુ એટલે કે 181 ગર્ડરનું કાસ્ટિંગ અને લોન્ચિંગ હજુ કરવાનું બાકી છે, જે દર્શાવે છે કે રોડ નેટવર્કનું નિર્માણ હજુ પ્રાથમિક કે મધ્ય તબક્કામાં જ અટક્યું છે અને તેને પૂરું કરવા માટે ભારે જહેમત અને સ્પીડની જરૂર છે.

### કહેવાય છે...

આયોજન અને જાળવણીના અભાવે આ તમામ યોજનાઓ કાગળ પર જ રહેતી હોવાનો વધુ એક પુરાવો સામે આવ્યો છે. શહેરમાં શ્વાનોને એક જ સ્થળે ખોરાક મળી રહે તે માટે કરોડોના ખર્ચે કે આયોજનબદ્ધ રીતે બનાવાયેલા ૧૨૬ ડોગ ફીડિંગ સ્ટેશનો આજે તંત્રની ઘોર ઉપેક્ષાને કારણે ગંદકી અને કચરાના અડ્ડામાં ફેરવાઈ ગયા છે.

### શું હતો...

કિસ્સાઓમાં ઘટાડો થાય. સામાન્ય નાગરિકો પણ ગમે ત્યાં ખોરાક નાખવાને બદલે માત્ર આ ચોક્કસ ફીડિંગ સ્ટેશનોનો જ ઉપયોગ કરે, જેથી શહેરમાં સ્વચ્છતા જળવાય છે.

### આરોગ્ય તંત્રની...

સુપરવાઇઝરોના વાતાનુકૂલિત કેબિનોમાંથી બહાર ન નીકળવાના પાપે આજે આ સ્ટેશનો બિનઉપયોગી બની ગયા છે. હકીકતમાં, કોઈ પણ પ્રકારની નિયમિત દેખરેખ ન હોવાથી લોકો ત્યાં એઠવાડ અને ખોરાક ફેંકી જાય છે. જ્યાં શ્વાનો ખાવા પણ આવતા નથી ત્યાં ખોરાકના ઢગલા થતાં તે સડી રહ્યો છે અને દુર્ગંધ મારી રહ્યો છે. પરિણામે, જે સ્થળને સ્વચ્છ રાખીને શ્વાનોને ખોરાક આપવાનો હતો, તે જ સ્થળ હવે ગંદકી અને કચરાનું સામ્રાજ્ય બની ગયું છે.

### ‘પેટ ચોળીને...

રહ્યું છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે આ ૧૨૬ ફીડિંગ સ્ટેશનો મનપાની નિષ્ફળતાની જીવતીજાગતી ચુગલી કરી રહ્યા છે. જો મનપા તંત્ર હજુ પણ ઊંઘમાંથી નહીં જાગે અને આ ફીડિંગ સ્ટેશનોની સુચારુ જાળવણી તથા દેખરેખ શરૂ નહીં કરે, તો આવનારા દિવસોમાં શહેરીજનોનો આક્રોશ વ્યાપક બને તેમ છે. તંત્રએ તાત્કાલિક ધોરણે આ સ્થળોની સફાઈ કરાવીને તેનો મૂળ હેતુ સિદ્ધ કરવો જરૂરી બન્યો છે.

### સુરત-ઉદયપુર...

પશ્ચિમ રેલવેના મિકેનિકલ વિભાગના એક રિપોર્ટમાં સુરત ડેપો ખાતેની હાલની સુવિધાઓમાં ૧૧ જેટલી મોટી ખામીઓ હોવાનું સામે આવ્યું હતું. તેમાં મુખ્યત્વે કવર્ડ મેન્ટેનન્સ પિટ, રૂફ-વર્કિંગ અને એડજસ્ટેબલ પ્લેટફોર્મ, ૬૫૦ વોલ્ટ સપ્લાય, કેન્દ્રિય કોમ્પ્રેસ્ડ એર સિસ્ટમ, બોગી ડ્રોપ, વ્હીલ લેથ તેમજ જરૂરી કુશળ સ્ટાફ અને સ્પેર પાર્ટ્સ જેવી પાયાની સુવિધાઓનો અભાવ હોવાનું જાહેર થયું હતું.

હવે હાથ ધરવામાં આવેલા નવા સર્વેમાં આ તમામ ૧૧ ખામીઓ છતાં ટ્રેનનું સુચારુ સંચાલન શક્ય છે કે નહીં તેની ચકાસણી કરાશે, અને દરેક સુવિધા ઊભી કરવા માટે જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સાધનો તથા સ્ટાફનો અંદાજ મેળવવામાં આવશે. મિકેનિકલ વિભાગ આ સર્વેનો વિગતવાર રિપોર્ટ પશ્ચિમ રેલવે મુખ્યાલયને સુપ્રત કરશે, જેના પર અઠવાડિયા સુધી અભ્યાસ કર્યા બાદ સુરતથી સંચાલન અંગે અંતિમ નિર્ણય લેવાશે. ઉલ્લેખનીય છે કે અગાઉ ઉદયપુરને મેન્ટેનન્સ બેઝ બનાવવાનો વિચાર કરાયો હતો, પરંતુ જાહેર કરાયેલા ટાઈમટેબલ મુજબ ત્યાં ટ્રેનનો લેઓવર ટાઈમ માત્ર ૧ કલાક અને ૫૫ મિનિટનો હોવાથી ત્યાં પ્રાથમિક મેન્ટેનન્સ કરવું શક્ય નથી. આમ, સુરત ડેપોનો આ બીજો ફિઝિબિલિટી સર્વે વંદે ભારત ટ્રેનના સુરતથી સંચાલન માટે અત્યંત નિર્ણાયક બની રહેશે.

### શોર્ટકટમાં પૈસા...

ગામ ખાતે ખોડીયાર રેસિડેન્સીમાં દરોડો પાડીને ત્રણને રૂપિયા 8.49 લાખના 1.698 કિલો અફીણ સાથે પકડી પાડ્યા હતા. પોલીસે તેમની પાસેથી રોકડા રૂપિયા ચાર લાખ, બે મોબાઈલ તેમજ અફીણ તોલવા માટેનો એક ઈલેકટ્રિક કાંટો જપ્ત કર્યો હતો. પોલીસે આ ત્રણેયની પુછપરછકરતાં તેમણે જણાવ્યું હતું કે, આ અફીણનો જથ્થો મંગાવવામાં સુરતમાં રહેતા અન્ય ૫ ઈસમોની સંડોવણી છે. ડીંડોલી પોલીસ સ્ટેશનમાં NDPS એક્ટ સને ૧૯૮૫ ની કલમ ૮(સી), ૧૮(સી), ૨૯ મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે અને આગળની તપાસ હાથ ધરવામાં આવી છે. ઉકત દરોડો એસઓજીના નાયબ પોલીસ કમિશ્નર રાજદિપસિંહ નકુમ અને પીઆઇ એ.એસ.સોનારાના માર્ગદર્શન હેઠળ એસ.ઓ.જી.ની ટીમો ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીદારોના નેટવર્કની મદદથી પીઆઇ કે.આર. સાવલીયાની રાહબરી હેઠળ એએસઆઇ હિતેશસિંહ દિલીપસિંહ તથા હેડ કોન્સ્ટેબલ રાજુભાઈ ભીમાભાઈને મળેલી ચોક્કસ બાતમીને આધારે પાડવામાં આવ્યો હતો.

### મુખ્ય આરોપીનો ગુનાહિત ઇતિહાસ

પ્રાથમિક પૂછપરછમાં આરોપીઓએ કબૂલાત કરી હતી કે શોર્ટ કટમાં ઝડપથી પૈસા કમાઈ લેવાની લાલચે તેઓ વોન્ટેડ આરોપી પાસેથી અફીણનો જથ્થો મંગાવીને ડિંડોલી વિસ્તારમાં છૂટક ગ્રાહકોને વેચતા હતા. આ અંગે રાંદેર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવી આગળની કાયદેસરની તપાસ હાથ ધરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે મુખ્ય આરોપી ભેરારામ બિશ્નોઈ સામે વર્ષ 2021માં પણ ગોડાદરા પોલીસ સ્ટેશનમાં એસ.ઓ.જી. દ્વારા ડ્રગ્સ અંગેનો કેસ નોંધાયેલો છે.

### નીમચના પરમાનંદ જાટ પાસેથી અફીણ મંગાવ્યું

પોલીસ પૂછપરછમાં ભેરારામે અફીણનો જથ્થો મધ્યપ્રદેશના નીમચ ખાતે રહેતા પરમાનંદ ચૌધરી ઉર્ફે જાટ પાસેથી મંગાવ્યો હોવાની વિગતો સામે આવી છે. માલ પહોંચાડવા માટે એક અજાણ્યો ડિલિવરી બોય સુરત આવ્યો હોવાનું પણ તપાસમાં બહાર આવ્યું છે. મોબાઇલમાંથી વોટ્સએપ ચેટ અને વોઇસ મેસેજ મળ્યાભેરારામના મોબાઇલ ફોનની તપાસ દરમિયાન અફીણની ખરીદી-વેચાણ અંગેની વોટ્સએપ ચેટ, વોઇસ મેસેજ તેમજ નાણાંની લેવડદેવડ સંબંધિત વિગતો મળી આવી હોવાનું પોલીસે જણાવ્યું છે.

### અફીણ ખરીદનારા પાંચ સહિત છ વોન્ટેડ

અફીણનો જથ્થો મોકલનાર નીમચનો પરમાનંદ જાટ, માલ પહોંચાડવા આવેલ અજાણ્યો ડિલિવરી બોય તથા અફીણ ખરીદનાર સુરતના સુરેન્દ્રસિંહ, ભીયારામ, મુલ્લા ચૌધરી, સાવલા ચૌધરી અને આસુરામ જાટ સામે ગુનો નોંધી તમામને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે. સુરતના વોન્ટેડ માંથી કેટલાક લોખંડ, કાપડ અને મીઠાઈ વેપાર સાથે સંકળાયેલા છે અને તેઓ ભેગા થઈ 4 કિલો અફીણ મંગાવ્યું હોવાનું બહાર આવ્યું છે.પોલીસ હવે આ તમામની શોધખોળ કરી રહી છે.

### મુખ્ય સૂત્રધાર અગાઉ પણ પકડાયો હતો

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે ઝડપાયેલો મુખ્ય આરોપી ભેરારામ માધારામ બિશ્નોઈ રીઢો ગુનેગાર છે. વર્ષ ૨૦૨૧ માં પણ આરોપી અફીણ સાથે સુરત SOG પોલીસે પકડી પાડ્યો હતો.જે બાદ પોણા બે વર્ષ સુધી વોન્ટેડ રહ્યા બાદ SOG તેને પકડી પાડી જેલ ભેગો કર્યો હતો.જે બાદ ફરી શોર્ટકટ્સ માં પૈસા કમાવવા વેપલો શરૂ કરતા તેની પાસે ડિલિવરી લેવા આવેલા કાપડ વેપારી અને દલાલ પકડાયા છે.